(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૮)**

૧. સંથારા **ઉવટ્ટણાએ પરિયટ્ટણાએ આઉટ્ટણ પસારણાએ છપ્પઈ સંઘટ્ટણાએ** કુઈએ

૨. જત્તા ભે **જવણિજ્જં ચ ભે ખામેમિ ખમાસમણો** દેવસિયં

૩. સિરસાવત્તં **મત્થએ અંજલિકટ્ટુ એવં વયાસી નમોત્થુણં** અરિહંતાણં

૪. છહિં લેસાહિં **કિણ્હ લેસાએ નીલ લેસાએ કાઉ લેસાએ તેઉ લેસાએ** પઉમ લેસાએ

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. પડિપુન્નં | **પ્રતિપૂર્ણ છે** | **૫ મા શ્રમણસૂત્રમાં** |
| ૨. સુત્ત રુઈ | **સૂત્ર–સિદ્ધાંતની રુચિ** | **ધર્મધ્યાનના કાઉસ્સગ્ગમાં** |
| ૩. સંભિમં | **સળેખમ (કફ) થાય** | **સંથારા – સંલેખનામાં** |
| ૪. સહસાગારે | **ઉતાવળથી લેવા વડે** | **૨ જા શ્રમણસૂત્રમાં** |
| ૫. મિત્તી | **મિત્રતા છે** | **ક્ષમાપના સૂત્રમાં** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૫)**

| | મૂળ પાઠ |
|---|---|
| ૧. ધર્મની આશાતનાથી | **ધમ્મસ્સ આસાયણાએ** |
| ૨. પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિની | **ભંડોવગરણસ્સ** |
| ૩. જીવ રહિત–અચિત્ત | **ફાસુય** |
| ૪. ખોટું આળ ચડાવવું | **અભ્યાખ્યાન** |
| ૫. વધારે સૂતા રહેવાથી | **પગામસિજ્જાએ** |

**(ડ ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. પ્રતિક્રમણના આવશ્યકના નામ લખી દેવ, ગુરુ અને ધર્મના કેટલા અને કયા કયા?

**જ. સામાયિક, ચઉવીસત્થો, વંદણા, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ. દેવનો ચઉવીસત્થો, ગુરુનો વંદણા, બાકીના ચાર સામાયિક, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ એ ધર્મના આવશ્યક છે.**

૨. ૩૨ આગમ કોણ ભણે–ભણાવે? તેમનામાં ગુણ કેટલા? વર્તમાને ક્યાં છે? ચતુર્વિધ સંઘમાં તેમનું સ્થાન ક્યાં અને ૫ પદમાં કયા પદમાં?

**જ. ૩૨ આગમ ઉપાધ્યાય ભણે–ભણાવે. તેમનામાં ગુણ ૨૫. વર્તમાને ૧૫ કર્મભૂમિમાં. ચતુર્વિધ સંઘમાં તેમનું સ્થાન પહેલું અને ૫ પદમાં ચોથા પદમાં હોય.**

૩. સાધુએ શેનો ત્યાગ કરેલો હોય છે? તેના ગુણ કેટલા? સાધુપણાનું મહત્ત્વ શું છે?

**જ. સાધુએ યાવત્ જીવન માટે ૧૮ પાપનો ત્યાગ કરેલો હોય છે. તેના ગુણ ૨૭. સાધુપણા વિના સિદ્ધિ નહિ, મુનિ બન્યા વિના મુક્તિ નહિ.**

૪. ખામણા કયા આસને બેસીને કરાય છે? શા માટે? પહેલા–બીજા ખામણા કોને કરવાના છે?

**જ. ખામણા બંને ઢીંચણ ઢાળીને કરાય કારણ કે પંચપરમેષ્ઠિ પ્રત્યે સમર્પણનો ભાવ બતાવે છે. પહેલા ખામણા અરિહંત ભગવાનને અને બીજા ખામણા અનંતા સિદ્ધ ભગવાનને કરવાના છે.**

૫. પચ્ચક્ખાણ કરવાથી શું લાભ થાય છે?

**જ. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મ આવવાના દ્વાર બંધ થાય છે. ઈચ્છાઓ પર કાબૂ થાય છે. ઈન્દ્રિયોના વિષયોની તૃષ્ણા શાંત થઈ જાય છે. ચિત્ત શાંત રહે છે.**

૬. સિદ્ધશીલાની લંબાઈ–પહોળાઈ અને જાડાઈ કેટલી છે? સર્વાર્થસિદ્ધ વિમાન અને સિદ્ધશીલા વચ્ચે કેટલું અંતર છે?

**જ. સિદ્ધશીલાની લંબાઈ–પહોળાઈ ૪૫ લાખ યોજનની અને જાડાઈ ૮ જોજનની છે. સર્વાર્થસિદ્ધ વિમાન અને સિદ્ધશીલા વચ્ચે ૧૨ યોજન + ૮ યોજનની સિદ્ધશીલાની જાડાઈ મળીને ૨૦ યો. ઝાઝેરું/સાધિક અંતર છે.**

**(૫૦)**

**પ્ર.૨ (અ) દંડકના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

૧. કષાય – **જેનાથી સંસાર વધે તે. જેમાં જીવો વિવિધ દુ:ખો દ્વારા કષ્ટ પામે તે.**

૨. અચક્ષુદર્શન – **આંખ સિવાયની બીજી ૪ ઈન્દ્રિયો અને મન દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ.**

૩. વ્યવહાર મનયોગ – **જેમાં સત્ય અને મૃષા રહિત વિચાર કરવા.**

૪. પર્યાપ્તિ – **આહાર વગેરેના પુદ્ગલોને ગ્રહણ કરીને શરીર, ઈન્દ્રિય આદિ રૂપમાં પરિણમાવવાની જીવની પૌદ્ગલિક શક્તિ વિશેષ.**

૫. કુબ્જ સંસ્થાન – **હાથ, પગ, માથું, ગ્રીવા ઓછા અધિક હોય. અન્ય અવયવ સુંદર હોય.**

**(૨) મને ઓળખો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. મારામાં દષ્ટિનું પરિવર્તન થતું નથી. | **જુગલિયા, ૫ સ્થાવર, સંમૂર્ચ્છિમ મનુષ્ય, ૧૫ પરમાધામી, ૩ કિલ્વિષી, પાંચ અનુત્તર વિમાન** |
| ૨. મારા દ્વારા સુદેવ, સુગુરુ, સુધર્મ પર શ્રદ્ધા થાય છે. | **સમકિત દષ્ટિ** |
| ૩. મારી ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૯ દિવસની છે. | **તેઈન્દ્રિય** |
| ૪. હું એક ગતિમાંથી આવું છું, પછી બીજે ગતિ કરતો નથી. | **સિદ્ધ ગતિ** |
| ૫. આ શરીરનો સ્વભાવ સડવા, પડવા, વિણસવાનો છે. | **ઔદારિક શરીર** |

**(૩) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૪)**

૧. આમોહેના દેવ ઉત્તર વૈક્રિય કરતા નથી.

**જ. સાચું**

૨. મહાવિદેહમાં ઉત્કૃષ્ટ અવગાહના ૧ ગાઉની હોય છે.

**જ. ખોટું. મહાવિદેહમાં ઉ.અવગાહના ૫૦૦ ધનુષ હોય છે.**

૩. કવલ આહાર માત્ર વૈક્રિય શરીરવાળાને જ હોય છે.

**જ. ખોટું. કવલ આહાર માત્ર ઔદારિક શરીરવાળાને જ હોય છે.**

૪. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને ચાર જ્ઞાન હોય છે.

**જ. ખોટું. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને ત્રણ જ્ઞાન હોય છે.**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. સંજ્ઞી અને ચક્ષુદર્શનમાં કેટલા અને કયા કયા દંડક લાભે?

**જ. સંજ્ઞીમાં ૧૬ દંડક ૧૩ દેવતા, ૧ નારકી, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય. ચક્ષુદર્શનમાં ૧૭ દંડક ૧૩ દેવતા, ૧ નારકી, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય, ૧ ચૌરેન્દ્રિય.**

૨. દેવતાનો પર્યાપ્તા દ્વાર અને ગર્ભજ મનુષ્યનો આહાર દ્વાર લખો.

**જ. દેવતાનો પર્યાપ્તા દ્વાર – અપર્યાપ્તા અને પર્યાપ્તા પાંચ, (ભાષા અને મન સાથે પૂર્ણ કરે તેની એક જ પર્યાપ્તિ ગણી.) ગર્ભજ મનુષ્યનો આહાર દ્વાર – આહાર ૩ પ્રકારનો ઓજ, રોમ, કવળ અને સચેત, અચેત તથા મિશ્ર અથવા અણાહારક.**

૩. નરકનો જ્ઞાન દ્વાર અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો દષ્ટિ દ્વાર લખો.

**જ. નરકનો જ્ઞાન દ્વાર – નારકીમાં પ્રથમ ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન. અસંજ્ઞી પંચેન્દ્રિયનો દષ્ટિ દ્વાર – અપર્યાપ્તામાં દષ્ટિ બે સમકિત દષ્ટિ, મિથ્યાત્વ દષ્ટિ પર્યાપ્તામાં એક મિથ્યાત્વ દષ્ટિ.**

૪. વૈક્રિય યોગમાં અને નપુંસક વેદમાં દંડક કેટલા અને કયા કયા?

**જ. વૈક્રિય યોગમાં ૧૭ દંડક – ૧૩ દેવતા, ૧ નારકી, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય, ૧ વાયુકાય.**
**નપુંસક વેદમાં ૧૧ દંડક – ૨૪ દંડકમાંથી ૧૩ દેવતાના વર્જીને.**

૫. પૃથ્વીકાયમાં કેટલી લેશ્યા હોય? શા માટે?

**જ. ૪, અપર્યાપ્તામાં ૪ લેશ્યા કારણ કે પૃથ્વીમાં ૫૧ જાતિના દેવતા ચ્યવીને આવતા હોય છે. તેઓને મૃત્યુ સમયે જે લેશ્યા હોય તે લેશ્યા તે બીજી ગતિમાં સાથે લઈ આવે છે તેથી અપર્યાપ્તામાં ચાર લેશ્યા અને પર્યાપ્તામાં ૩ લેશ્યા લેશ્યા હોય છે.**

૬. ત્રીજાથી બારમા દેવલોક્ના દેવની ઉત્કૃષ્ટ અવગાહના લખો.

**જ. ૩ – ૪ દેવલોકના દેવની ૬ હાથની, ૫ – ૬ દેવલોકના દેવની ૫ હાથની, ૭ – ૮ દેવલોકના દેવની ૪ હાથની, ૯ થી ૧૨ દેવલોકના દેવની ૩ હાથની.**

૭. ત્રણ વિકલેન્દ્રિયનો આગતિ–ગતિ દ્વાર લખો.

**જ. ત્રણ વિકલેન્દ્રિયમાં બે ગતિનો આવે મનુષ્ય, તિર્યંચ. જાય બે ગતિમાં મનુષ્ય, તિર્યંચ. દશ દંડકનો આવે તે ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય ને જાય પણ તે જ દશમાં.**

૮. સંમૂર્ચ્છિમ મનુષ્યનો સ્થિતિ દ્વાર અને જુગલિયાનો ઉપયોગ દ્વાર લખો.

**જ. સંમૂર્ચ્છિમ મનુષ્યનો સ્થિતિ દ્વાર – જ. અંત. ઉ. અંત. જુગલિયાનો ઉપયોગ દ્વાર – ૩0 અકર્મભૂમિમાં ઉપયોગ ૬ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, ૫૬ અંતરદ્વીપમાં ઉપયોગ ૪ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન.**

**(બ) કાળનું માપ અને અવગાહનાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. અશાશ્વત પદાર્થ શેનાથી મપાય છે?

**જ. આત્મા આંગુલ.**

૨. લોકમાં કેટલા પ્રકારના પદાર્થ છે? કયા કયા? માત્ર નામ લખો.

**જ. ત્રણ. મનુષ્યકૃત, ઉપાધિજન્ય, શાશ્વાતા.**

૩. ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત એટલે શું?

**જ. ૪૮ મિનિટમાં એક સમય ઓછો કાળ.**

૪. ૧ પૂર્વાંગ અને ૧૦ ક્રો.ક્રો. સાગરના કેટલા વર્ષ થાય?

**જ. ૧ પૂર્વાંગ એટલે ૮૪ લાખ વર્ષ. અસંખ્યાતા વર્ષ.**

૫. જૈનદર્શનમાં સમય કોને કહે છે? આંખના એક પલકારામાં કેટલા સમય જાય છે?

**જ. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાળને સમય કહે છે. આંખના એક પલકારામાં અસંખ્યાતા સમય જાય છે.**

**(ક) ૩૨ અસજ્ઝાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ઉત્કાલિક સૂત્રો કેટલા છે? કયા કયા? પ્રતિક્રમણ કયા કાળમાં આવે છે?

**જ. ઉત્કાલિક સૂત્રો ૯ છે. ઉવવાઈ, રાયપસેણીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, સૂર્ય પ્રજ્ઞપ્તિ, દશવૈકાલિક, નંદી, અનુયોગદ્વાર અને આવશ્યક. પ્રતિક્રમણ અકાળમાં જ કરવાનું છે કારણ કે ઉત્કાલિક હોવા છતા કાળની બધી મર્યાદા ઓળંગી ગયેલ છે.**

૨. વિદ્યુત એટલે શું? તેની અસજ્ઝાય કેટલા સમયની છે? સમજણ સાથે લખો.

**જ. વિદ્યુત એટલે વીજળી ચમકે તો. તેની અસજ્ઝાય એક પ્રહરની છે. આકાશમાં વીજળીનું ચમકવું તે વિદ્યુત કહેવાય છે. ગર્જના તેમ જ વિદ્યુત કુદરતી અથવા દેવકૃત બંને પ્રકારે હોય છે.**

૩. ગર્જિત, વિદ્યુત, રાજવ્યુદ્ગ્રહ અને સંધ્યાની અસજ્ઝાય કેટલા સમય સુધી રહે છે?

**જ. ગર્જિત – બે પ્રહર સુધી. વિદ્યુત – એક પ્રહર. રાજવ્યુદ્ગ્રહ – યુદ્ધ ચાલે ત્યાં સુધી. સંધ્યા – ૧ મુહુર્તની.**

૪. મધ્યાહ્નની અસજ્ઝાય વિશે સમજાવો.

**જ. સૂર્યોદયથી સૂર્યાસ્તના મધ્યભાગનો સમય. તેની પહેલાની એક ઘડી અને પછીની એક ઘડી એમ કુલ બે**

**ઘડી = ૧ મુહુર્તની અસજ્ઝાય.**

૫. ૩૨ અસજ્ઝાયનું વર્ણન કયા સૂત્રમાં આવે છે? નિર્ઘાત, અશુચિ સામન્ત, પ્રભાતની અસજ્ઝાય કેટલા સમયની છે?

**જ. ઠાણાંગ સૂત્ર ૪, ઠાણાંગ સૂત્ર ૧૦ તથા નિશીથ સૂત્ર ઉ. ૧૯. નિર્ઘાત – ૮ પ્રહર સુધી, અશુચિ સામન્ત – દુર્ગંધ આવે કે દેખાય ત્યાં સુધી, પ્રભાત – ૧ મુહૂર્ત.**

**(ડ) મોક્ષમાર્ગની આરાધનાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. આત્મા પરમાત્મા બની શેનો સ્વામી બને છે?

**જ. આત્મા પરમાત્મા બની લોકના અગ્રભાગે સદાકાળ માટે આત્મ સુખ, આત્મ રમણતા, આત્મ સ્વભાવ, અવ્યાબાધ સુખનો સ્વામી બને છે.**

૨. મનને ધર્મધ્યાનમાં કેવી રીતે રાખવાનું છે? અંતિમ સમયે શું ભાવના ભાવવાની છે?

**જ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને ત્યાગીને મનને ધર્મધ્યાનમાં રાખવાનું છે. અંતિમ સમયે સંથારો કરવાની ભાવના રાખશું.**

૩. જિજ્ઞાસા અને શંકાનું સમાધાન કરવા શું કરવું?

**જ. જિજ્ઞાસા અને શંકાનું સમાધાન કરવા પૂ. સાધુ–સાધ્વીજી આદિને પ્રશ્નો, પ્રતિપ્રશ્નો પૂછીને ધર્મનું જ્ઞાન વધારવું.**

૪. જિનશાસનની પ્રભાવના કેવી રીતે કરશું?

**જ. ધર્મમાં પરમ શ્રદ્ધા કરી, બીજાને પણ ધર્મમાં સ્થિર કરી, વાત્સલ્યભાવે પ્રભાવના કરશું.**

૫. આત્મગુણોનું પોષણ કેવી રીતે કરશું?

**જ. સંવર, સામાયિક, પૌષધ, સંવર પૌષધ, ગોચરી દયા વગેરે શિક્ષા વડે આત્માના ગુણોનું પોષણ કરશું.**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાન મહાવીરે કેવળીપણે કેટલા ચાતુર્માસ કર્યા? તેમના અવધિજ્ઞાની, કેવળી અને શ્રાવકોની સંખ્યા કેટલી? તેમના શાસનમાં કેટલાએ તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું?

**જ. 30 ચાતુર્માસ કર્યા. અવધિજ્ઞાની – ૧૩૦૦, કેવળી – ૭૦૦, શ્રાવક – ૧૫૯૦૦૦, ૯ જણે તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું.**

૨. નયસારને સમકિતની પ્રાપ્તિ કેવી રીતે થઈ? આયુષ્ય પૂર્ણ કરી તેઓ ક્યાં ઉત્પન્ન થયા?

**જ. સાધુએ નયસારને આત્મસુખ પ્રાપ્તિનો માર્ગ અને નમસ્કાર સૂત્રનું સ્મરણાદિ ધર્મની વિધિઓ શીખવી, જેના દ્વારા નયસારને સમકિતની પ્રાપ્તિ થઈ. આયુષ્ય પૂર્ણ કરી તેઓ પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયા.**

૩. ત્રિપૃષ્ઠ વાસુદેવ કેવી રીતે બન્યા? વાસુદેવના માતા–પિતાનું નામ શું હતું? તેમની માતાને કેટલા સ્વપ્ન આવ્યા? વાસુદેવની પદવી કોણ પામે છે?

**જ. પૂર્વભવમાં નિયાણું કરેલું હતું કે મારા તપના પ્રભાવથી આવતા ભવમાં હું મહાન પરાક્રમીએ બનું. નિયાણાનું પ્રાયશ્ચિત્ત ન કરવાના કારણે વાસુદેવ બન્યા. માતાનું નામ–મૃગાવતી, પિતાનું નામ–રીપુમર્દન તેમની માતા ને સાત સ્વપ્ન આવ્યા હતા. પૂર્વભવમાં નિયાણું કરેલ જીવ વાસુદેવની પદવી પામે છે.**

૪. ભગવાનને પ્રથમ ચાતુર્માસમાં કોણે કયા ઉપસર્ગો આપ્યા?

**જ. પ્રથમ ચાતુર્માસમાં શૂલપાણી યક્ષના મંદિરમાં રાત્રે કાઉસ્સગ્ગમાં પ્રભુ સ્થિર હતા, ત્યાં યક્ષે આવીને હાથી અને પિશાચના ભયંકર રૂપો ધારણ કર્યા, પણ પ્રભુ ડગ્યા નહિ. પછી યક્ષે પ્રભુના મસ્તક, નાક, આંખ, દાંત, હોઠ વગેરેમાં તીવ્ર વેદનાઓ ઉપજાવી.**

૫. મરિચીના ભવમાં તીર્થંકરના માર્ગની આશાતના કરવાથી તેમણે ૫ થી ૧૪ ભવમાં ક્યાં ઉત્પન્ન થવું પડ્યું?

**જ. પાંચમા, સાતમા, નવમા, અગિયારમા અને તેરમા ભવમાં બ્રાહ્મણપણે ઉત્પન્ન થયા અને તે દરેક ભવમાં ત્રિદંડી વેષધારી સાધુ બન્યા. છટ્ઠા, આઠમા, દશમા, બારમા અને ચૌદમા ભવમાં તેઓ અનુક્રમે પ્રથમ,**

**દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પંચમ દેવલોકમાં ઉત્પન્ન થયા.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. અલ્પ શ્રુતં ........ હેતુઃ. | **પાના નં. ૨૪૫ કડી ૬** |
| ૨. આપાદ કણ્ઠ ......... ભવન્તિ. | **પાના નં. ૨૫૧ કડી ૪૬** |
| ૩. દષ્ટ્વા ........ ઈચ્છેત્. | **પાના નં. ૨૪૬ કડી ૧૧** |
| ૪. મંદાર ......... તતિર્વા. | **પાના નં. ૨૪૯ કડી ૩૩** |

**જય – જિનેન્દ્ર**